<u>રેગ્યુલર દીવાની દાવા નં. ૩૮/૨૦૧૫.</u>

<u>-:: આંક ૧ લગત હુકમ ::-</u>

૧) આજરોજ પોકાર કરતા કરાવતા અરજદાર તથા તેમના વિ.વ.શ્રી ગેરહાજર

૨) પ્રતીવાદી તરફેપણ આજરોજ કોઈ હાજર નથી

બંને પક્ષે કોઈ અરજી અહેવાલ કે રીપોર્ટ મૌખીકમા કે લેખીતમા રજુ થયેલ નથી.

૩) સદર કામે રેકર્ડ વંચાણે લઈએ તો, આ દાવો તારીખ ૨૪.૦૩.૨૫ ના રોજ દાખલ થયેલ છે.આ કામે આંક-૫ નો હુકમ ફરમાવ્યા બાદથી આંક-૨૬ થી તારીખ ૨૩.૦૬.૧૭ ના રોજ મુદદા ઘડાયા બાદથી સદર કામ વાદીના પુરાવા માટે ચાલી આવે છે. આ કામે વાદી તરફે આ તારીખ બાદથી પોતાનુ સરતપાસનુ સોંગદનામુ તારીખ ૧૯.૧૨.૨૩ ના રોજ રજુ થયેલ છે. તયારબાદથી વાદી સતત ગેરહાજર રહેતા પ્રતીવાદીએ તેમની ચીફ ડીસ્કાર્ડ કરવા માટે આંક-૩૮ થી તારીખ ૧૬.૦૯.૨૪ ના રોજ અરજી કરેલ છે જે અરજી આ અદાલત દ્રારા વાદીની ગેરહાજરી ને ધ્યાને લઈ તા. ૨૦.૦૮.૨૫ જના રોજ હુકમ કરી મંજુર કરવામા આવેલ છે.આ કામે રોજકામ જોતા વાદી વચ્ચે વચ્ચેની અમુક મુદતો સીવાય ગેરહાજર રહેલ હોવાનુ સ્પષ્ટ જણાય આવે છે.

આ આંક-૩૮ ની અરજી રજુ થયા બાદથી વાદી સતત ગેરહાજર છે,આ દરમયાન વાદી તરફે કોઈ મુદત અરજીઓ પણ રજુ થયેલ નથી. આમ આ કામ મુદદા ઘડાયા તારીખ થી એટલેકે ૮ વર્ષથી આ કામ વાદીના પુરાવા માટે ચાલી આવતુ હોવા છતા વાદી એ આજ દીન સુધી પોતાની ઉલટતપાસ થાય અને કામ આગળ ચાલે તે માટે હાજર રહેલ નથી કે તે માટે કોઈ જ કાર્યવાહી નહી કરેલાનુ રેકર્ડ પરથી જણાય આવે છે. આ કામે આજરોજ આ હુકમ કરતા સમય સુધી વાદી જાતે કે તેમના વિ.વ.શ્રી મારફત હાજર રહેલ નથી કે કોઈ અરજ અહેવાલ રજુ કરેલ નથી.

હવે કોઈ પણ પક્ષકાર ઈ-કોર્ટ વ્યવસ્થા થી પોતાની જાતે પોતાના કેસ ની નીયત તારીખ જાણી શકતા હોય, આ કામે પક્ષકાર આ કેસની તારીખ થી અજાણ હોય તેમ માની શકાય નહી.આમ આ કામે વાદીને ન્યાયના હીતમા હાજર થવા માટે વધુ સમય આપી શકાય નહી. વધુમા માનવા જોગ છેકે, આ કામે વાદી અને પ્રતીવાદી સગા ભાઈ બહેન હોય તેઓ વચ્ચે સમાધાન પણ થઈ ગયેલ હોય. આ કામ મા વાદી હાજર રહેતા ના હોય પરંતુ તેટલા કારણોસર દસ વર્ષ જુના દાવાને યથાવત સ્થીતીમા પડી

પણ રાખી શકાય નહી.

આમ મુળ રીતે જોઈએ તો સને ૧૫ નુ **દસવર્ષ જુનુ** કામ હોવા છતા, તેમા વાદીએ પોતે દાદ માંગેલ હોવા છતા તે કામ આગળ ચલાવવા કે, તે તળે હુકમ મેળવવા કે આ કામ આગળ ચલાવવા વાદી જાતે કે માહીતગાર વકીલશ્રી મારફતે હાજર નથી.

આજરોજ પોકાર કરતા કરાવતા આ હુકમ કરતા સમય સુધી વાદી જાતે કે પોતાના માહીતગાર વકીલશ્રી મારફતે આ અદાલત સમક્ષ હાજર રહેલ નથી. આ કામે અમો નીચે સહી કરનારે આ કેસ આ અદાલતમા ટ્રાન્સફર થયા પછીથી વાદીને ન્યાય ના હીતમા વધુ એક તક આપવાના હેતુ થી વધુ બે મુદતોનો સમય મંજુર કરવામા આવેલ હોવા છતા આજરોજ વાદી હાજર રહેલ નહી કે તે માટે કોઈ યોગ્ય કારણ દર્શાવતી મુદત અરજી પણ વાદી પક્ષ તરફથી રજુ થયેલ નહી. આમ, અનેકાનેક તકો આપવા છતાં વાદી દાવા કામગીરી આગળ ચલાવવાના હેતુસર આ અદાલત સમક્ષ હાજર રહેલ નથી કે આવી ગેરહાજરી હેતુ કોઈ રજુઆત કરતી કે યોગ્ય કારણ દર્શાવતી મુદત અરજીઓ પણ તેમના પક્ષે રજુ થયેલ નથી.

આમ ઉપરોકત તમામ ચર્ચા, તારણો અને કારણો ધ્યાને લેતા એમ જણાઈ આવે છે કે વાદી પોતાના દાવા પ્રત્યે લેશમાત્ર ગંભીર નથી અને તેને દાવામા કોઈજ પ્રકારનો રસ નથી, તથા વાદીએ કે તેમના વિ.વ.શ્રીએ આ સમગ્ર સમયગાળા દરમ્યાન એકબીજાનો સંપર્ક કરેલો હોય તેવું પણ જણાતું નથી અને વાદી નુ દાવા અરજીમા જણાવેલ સરનામુ જોતા, વાદી સ્થાનીક અમદાવાદ ચાંદખેડાના નાજ રહેવાસી હોય ,તેથી જો ખરેખર વાદીને દાવો ચલાવવામાં રસ હોય, કે વાદી ન્યાયની ઝંખના સેવતો હોત તો વાદી આ સમય દરમયાન ચોકકસ પુરાવો આપી શકયા હોત કે આગળ કામ ઘપાવી શકેલ હોત. આમ છતાં વાદી પુરાવો રજુ કરવામાં સદંતર નિષ્ફળ ગયેલા છે અને વાદીને પોતાના દાવામાં કોઈ જ રસ હોય તેમ જણાઈ આવતુ નથી.

આવા સંજોગોમાં વાદી તરફે દાવામાં તેમના બેદહ પ્રમાદીપણા, દાવા પ્રત્યેની નિરસતા અને ઉદાસીનતા ધ્યાને લેતા તથા આ દાવો વર્ષ–૨૦૧૫મા દાખલ થયેલ ૧૦ વર્ષ ઉપરાંતની જુની મેટર હોય, પક્ષકારો જાતે કે તેમના વિધવાનવકીલશ્રી મારફતે દાવાના કામે હાજર રહેતા ના હોય, એવા સંજોગોમા આ અદાલત એમ માને છે કે આ દાવામાં હવે, ન્યાયના હીતમા વધુ મુદત આપી શકાય નહી . આથી આંક–૧ લગત હુકમ ફરમાવી વાદીનો દાવો ડીસમીસ ફોર વોન્ટ ઓફ પ્રોસીકયુસન કરવાનું

ન્યાયોચિત જણાતુ હોય, ન્યાયનાહિતમાં નીચે મુજબનો હુકમ ફરમાવમાં આવે છે.

-:: હુકમ ::-

૧) વાદીનો દાવો તેમની ગેરહાજરી સબબ કાઢી નાખવામાં આવે છે.
૨) ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

આજ તારીખ ૨૨મી ઓગષ્ટ સને ૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરીને જાહેર કરવામાં આવ્યો.

તા. ૨૨-૦૮-૨૦૨૫ (એફ.એન.સોલંકી)
ગાંધીનગર. ત્રીજા અધિક સીવીલ જજ-ગાંધીનગર
(જજ કોડ-જીજે.૦૧૫૫૨)